# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

મૂંગા-બ્હેરાં ના ખેતરો ઢોરાં ચારી જાય છે,
યુવા-વીર સૈનિકોનાં ઢીમ ઢારી જાય છે,
ફાવી જાય છે કારી, પોપાંબાઇનાં દેશમાં -
રમત રમતમાં તમાચા મારી જાય છે
(કાશ્મીરમાં આતંકી હુમલો..)

## હાઇકુ

રાષ્ટ્ર-ભાવના,
- ને દેશદાઝ 'ત્યાગી'
- આ સેનાપતિ!!
(મહા ત્યાગી)

મેટ્રો ટ્રેન તો-
છે ચૂંટણીના પાટે -
કરો સહેલ..
(ખાત મુર્હુત ૨૦૧૪)

## ચિંતન

**સત્યાનૃતા ચ પુરૂષા, પ્રિયવાદિની ચ, હિંસ્ત્રા દયાલુરપિ ચાર્થપરા વદાન્યા ।**
**નિત્યવ્યથા પ્રચુરનિત્ય ધનાગમા ચ વેશ્યાઅંગનેવ નૃપનીતિરનેકરૂપા ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'રાજનીતિ'નો આ શ્લોક છે :

'રાજાની નીતિ, વેશ્યાની જેમ અનેક રૂપરંગ બદલતી રહે છે, જેમ કે એ સાચું પણ બોલે અને સદંતર જુઠું પણ બોલે, કઠોર પણ બોલે અને મધુરૂં પણ બોલે, હિંસા પણ કરી નાખે અને દયાળું બની પ્રેમ પણ દર્શાવે, કયારેક પૈસાને જ સર્વસ્વ સમજે તો કયારેક ઉદાર બની ન્યોચ્છાવર પણ થઇ જાય, કયારેક દેવાનાં ઋણમાંથી ઉગારી પણ લે!'

અહીં રાજા અને વેશ્યાની સમાનતાના કેટલાક ગુણો વિશે વાત કરવામાં આવી છે. રાજા અને વેશ્યાના ચારિત્ર્ય સિવાય - સ્વભાવ- ગુણધર્મોમાં કેટલીક સમાનતા છે.

રાજનીતિમાં સાચું પણ બોલે - પેલા ઇટાલીવાળા પ્રથમવાર દેશ ગયા ત્યારે સચ્ચાઇપૂર્વક પાછા હાજર થઇ ગયા પણ બીજીવાર ઇટાલીની સરકાર ફરી ગઇ!

આજકાલ રાજનીતિમાં અપહરણ-મારામારી - હિંસા સોપારી પણ ચાલે છે તો કયારેક પક્ષે તરછોડેલાં નો હાથ પણ પકડી દયા બતાવે, પૈસા કૌંભાડનું તો પૂછવું જ કયાં પડે છે! પણ વિદેશને કુદરતી આફતમાં સહાય પણ કરે!

ઋણ-કરજ-કમીશન તો એમને સ્વાભાવિક છે!

## સુવિચાર

- ધ્યેય માટે 'જીવવું' એ ધ્યેય માટે 'મરવા' કરતાં પણ વધારે અઘરૂં છે - **વિવેકાનંદ**
- નમ્રતા અભિમાન ને પણ ઓગાળી નાખે છે - **વિષ્ણુપુરાણ**
- પરિશ્રમ જીવનની સફળતાનું રહસ્ય છે - **પ્રેમચંદજી**
- જે કરતાં તમને તમારો અંતરાત્મા અટકાવે તે પાપ, પાપ નિરંતર હૃદયમાં ખટકે છે - **મ્હોમ્મદ સાહેબ**
- લોકો ને સ્વતંત્રતા અને અધિકારો ગમે છે પણ એની સાથે આવતી જવાબદારી અને ફરજો કોઇને નથી ગમતાં - **ઓશો**
- સુંદર ફૂલનો છોડ ધીમે ધીમે વિકસે છે પરંતુ ઘાસ ઝડપથી ઉગી નીકળે છે - **શેક્સપિયર**
- પૈસો અને શક્તિ હોય તો જ સેવા થાય એવું નથી માત્ર હૃદય અને ઇચ્છા હોય તો પણ થાય - **એસ. ભટાચાર્ય**

## બોધ કથા

આજે ન્યાય-નીતિ-નિષ્ઠા કયાંય રહ્યાં નથી. રાજાઓ ખૂદ સરકારી તિજોરી લૂટવા બેઠા છે. ઇજનેરો ભેળસેળ કરે છે દાકતરો લૂંટે છે. અનાજ - દવા અસર કરતાં નથી, ધર્મ પ્રત્યે કોઇની રૂચિ રહી નથી.'

આયુર્વેદનો મહાનગ્રંથ લખનાર મહામુનિ ચરક જ મહર્ષિ પુનર્વસુ નામ ધરાવતાં હતા. તે શિષ્ય અગ્નિવેશ સાથે વહનમાં વિહાર કરતાં હતા, અચાનક એમને કંઇક દેખાયું અને સ્તબ્ધ બની ઊભા રહી ગયા. ચાર બાજુ જોઇ - મોટો નિસાસો નાખ્યો. અગ્નિવેશે પૂછ્યું, ગુરૂદેવ, શું થયું? આપે નિસાસો કેમ નાખ્યો?

પુનર્વસુ કહે - મહાનાશ આવી રહ્યો છે!

અગ્નિવેશ - મહાનાશમાં શું થાય, ગુરૂદેવ?

ગુરૂજી - પૃથ્વીનું વાતાવરણ અનિયમિત થઇ જાય, ગ્રહો પોતાની અસર ગુમાવે કે તીવ્ર કરી નાખે, ઔષધિ પોતાના પ્રભાવ ગુમાવે - વરસાદ-વાવાઝોડા - ધરતીકંપ બરફનાં તોફાનો થાય! ઠેકઠેકાણે બોમ્બ બ્લાસ્ટ થાય - આતંકી હુમલા થાય!

પુનર્વસુ-પણ ગુરૂજી, તમે ઉત્તમ ગ્રંથ ચરક લખ્યો છે છતાં તેની અસરકારતા કેમ નહીં રહે?

ગુરૂદેવ - ધર્મ અને સત્ય પ્રત્યે શ્રધ્ધા નહીં રહે માણસની બુધ્ધિ બગડી જશે, બુધ્ધિનાશથી જ સર્વનાશ થાય છે -

બુધ્ધિના શાત્ પ્રણશ્યતિ ।

- ગીતાજી

# સાહિત્યકારોનું દાયિત્વ છે કે સ્વતંત્રતા એ સ્વચ્છંદતામાં પરિણમતી અટકે તેવું સુસાહિત્ય સર્જન કરવું

(ગતાંકથી આગળ...)

મૂળજી : આપશ્રીએ અત્યાર સુધીમાં કયા કયા સાહિત્ય પ્રકારોમાં ખેડાણ - સર્જન કર્યું છે?

દોલત ભટ્ટ : લગભગ બધા જ, જેવા કે નવલકથા, નવલિકા, લોકકથા, ઇતિહાસ કથા, કાવ્ય-ગીત, સંપાદન અભ્યાસ લેખો, બાલસાહિત્ય અને જીવન ચરિત્ર જેવા પ્રકારોમાં ખેડાણ સર્જન કર્યું છે.

મૂળજી : હાલમાં, આપની નવલકથા "કૈકેયી"નો જેમ મરાઠીમાં તાજેતરમાં અનુવાદ થયો છે; તેમ બીજી કંઇ કૃતિઓનો અનુવાદ, કંઇ બાષામાં થયો છે?

દોલત ભટ્ટ : "નાચે મનના મોર" નવલકથાનો હિન્દીમાં "નાચે મન મોરા" ઇ.સ. ૧૯૭૨માં અનુવાદ.

(૨) "કંકુ વરણી કુરબાની" - બાલસાહિત્યનો "કહાની કુરબાની કી" નામે હિન્દીમાં અનુવાદ.

મૂળજી : આપને કયા કયા એવોર્ડ કે પારિતોષિક, સન્માન, કયા સર્જન માટે મળેલ છે?

દોલત ભટ્ટ :

- સમગ્ર સાહિત્ય સર્જન માટે "કાગ એવોર્ડ."
- સમગ્ર સાહિત્ય સર્જન માટે "મેઘાણી ચંદ્રક."
- ગુજરાતી ચલચિત્ર "મનનો માણિગર" માટે રાજ્ય સરકારે શ્રેષ્ઠ સંવાદ લેખક એવોર્ડ.
- "વતનનાં રતન" - મેઘાણી એવોર્ડ.
- શિશુ શૌર્ય કથા માળા (બાળ સાહિત્ય)ને શિક્ષણ ખાતાનું પારિતોષિક.
- મેવાડનો મંત્રી (બાળ સાહિત્ય)ને સાહિત્ય અકાદમી પારિતોષિક
- નાગરદાસ ફોજદાર (બાળ સાહિત્ય) ને સાહિત્ય અકાદમી પારિતોષિક
- બાદશાહ ખાન (બાળ સાહિત્ય) ને સાહિત્ય અકાદમી પારિતોષિક
- સારથિ ટ્રસ્ટ તરફથી "સંત મૂલદાસજી એવોર્ડ."
- સૌરાષ્ટ્ર સાહિત્ય સંગમ તરફથી મેઘાણી સુવર્ણચંદ્રક.
- અમદાવાદ મ્યુ.કોર્પો. સાંસ્કૃતિક મિત્રમંડળ તરફથી સન્માન.
- અખિલ ગુજરાત ચારણ યુવક મંડળ, ગાંધીનગર તરફથી સન્માન.
- સ્વામિનારાયણ ગુરૂકુળ, અમદાવાદ તરફથી સન્માન.
- રાજપૂત વિદ્યા સભા તરફથી સન્માન.
- સ્વામિનારાયણ ગુરૂકુળ, ગાંધીનગર તરફથી સન્માન.

મૂળજી : આપણા પ્રિય સર્જકો કયા છે? તેમની કઇ કૃતિઓ આપને આકર્ષે છે?

દોલત ભટ્ટ :

ચુનીલાલ મડિયા - તેમની લગભગ બધી નવલકથાઓ.

પન્નાલાલ પટેલ - નવલકથાઓ - મળેલ જીવ, કંકુ, ભવની ભવાઇ.

ઝવેરચંદ મેઘાણી - વસુંધરાનાં વહાલાં - દવલાં.

- સોરઠ તારાં વહેતાં પાણી

- વેવિશાળ

સારંગ બારોટ - મોરનાં આંસુ.

મૂળજી : "આનંદેન સંયુભ્યતે ઇતિ સાહિત્યિમ" આ બાબતે આપશ્રીનો અંગત અભિપ્રાય શું છે?

દોલત ભટ્ટ : સાહિત્ય એ ફક્ત મનોરંજનનો પ્રકાર નથી કે ફક્ત મનોરંજન માટે જ નથી. સાહિત્ય એ સમજણ કેળવવાની બાબત છે. પ્રથમ જ્ઞાન - જે અભ્યાસ માટે ગે ગોખણિયું - જે ગોખવું જ પડે. ભીંતરથી પ્રગટ થયું જ્ઞાન એ દિલને વલોવીને આવલે નવનીત છે અને તે જ ખરૂં સાહિત્ય છે. સર્જન માટે તે આનંદ પણ હોઇ શકે અને પીડા પણ હોઇ શકે છે.

મૂળજી : આપશ્રી વાંચકોને - ભાવકોને કોઇ સંદેશ આપવા માગો છો?

દોલત ભટ્ટ : વાંચનથી વાતચીતની ભાષા અને લખાણ પણ સુધરે છે. વાંચનથી જાણકારીનું અવનવું જ્ઞાન વધે છે અને વાંચન શબ્દ ભંડોળ વધારે છે. આથી વાંચનની લત સારી છે. સારા જીવન ઘડતર માટે વિદ્યાર્થીઓએ ખાસ, વિવિધ પ્રકારનાં વાંચનની ટેવ પાડવી જરૂરી છે.

મૂળજી : આપશ્રીનાં પ્રિય સામયિકો કયાં છે?

દોલત ભટ્ટ : અખંડ આનંદ, જન કલ્યાણ (સંસ્કાર બક્ષી). સાહિત્યમાં લખાયછે ઘણું બધું પરંતુ શાશ્વત ટકી રહે તેવું સાહિત્ય ભાગ્યે જ સર્જાય છે.

મૂળજી : સાહિત્યમાં પ્રતિબધ્ધતા બાબતે આપશ્રીનો અંગત અભિપ્રાય શું છે?

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

**સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'**

દોલત ભટ્ટ : સર્જકનું દાયિત્વ સમાજને પ્રેરણાત્મક સર્જન પુરૂં પાડવાનું છે. કલંક કથાઓનો નિષેધ છે કારણ કે દુર્ગુણો અને દુષણો તો છે એમાં દુષણો બતાવવાની વસ્તુ નથી, પરંતુ ભૂષણ બતાવવું જોઇએ. જેમ સૂર્યને ઊગવું પડે છે, અંધારાને ઊગવું પડતું નથી તે તો શાશ્વત છે, તે ઊગતું નથી કારણ કે અંધકારનું અસ્તિત્વ હંમેશા છે, જેને પ્રકારનું આવરણ મિટાવે છે. અને જ્ઞાન પ્રગટે અને તે ન પ્રગટે ત્યાં સુધી અજ્ઞાનતાનું અસ્તિત્વ હંમેશને માટે - કાયમ રહે છે. આમ અજ્ઞાનતાનું આવરણ ભેદાય - જ્ઞાનના ઉદયથી!

મૂળજી : ગુજરાતી સાહિત્ય પરિષદ વિષે આપશ્રીનું શું મંતવ્ય છે?

દોલત ભટ્ટ : રણજીત રામે ગુજરાતી સાહિત્ય પરિષદની સ્થાપના કરી. પરંતુ જયાં જનમાનસ છે ત્યાં સારૂં નરસું, મારૂં/તારૂં બધું જ છે. માનવ સહજની પ્રવૃત્તિઓ અને પ્રકૃતિઓ દરેક ક્ષેત્રમાં ઉદઘાટીત થતી જ હોય છે. અને સમૂહની માનવપ્રકૃતિ મુજબનાં સહજ ભાોવ પ્રગટ થતાં જ રહે છે, તે સહજ છે.

મૂળજી : આપનાં કયા કયા સર્જન પરથી ગુજરાતી ચલચિત્રો બન્યાં છે અને તે કયાં કયાં?

દોલત ભટ્ટ :

(૧) "સજ્યા સોળ શણગાર" નવલકથા ઉપરથી ગુજરાત ચિત્રપટ "મનનો માણીગર"

(૨) "વાંસળી વાગી વાલમની" નવલકથા ઉપરથી ગુજરાતી ચિત્રપટ "વાંસળી વાગી વાલમની."

(૩) "નાચે મનના મોર" નવલકથા ઉપરથી ગુજરાતી ચિત્રપટ "નમણી નાગરવેલ"

(૪) "અખંડ ચૂડલો" વાર્તા ઉપરથી "અખંડ ચૂડલો" ગુજરાતી ચિત્રપટ.

મૂળજી : એવોર્ડ કે પારિતોષિકથી સાહિત્ય સર્જનમાં કોઇ ફરક પડે કે કેમ? આપશ્રીનું મંતવ્ય જણાવશો?

દોલત ભટ્ટ : કોઇ ફરક પડતો નથી. મળતા એવોર્ડ કે પારિતોષિક એ સર્જન થયા પછીનું સન્માન છે. આથી તે મળે કે ન મળે, પરંતુ સાચા સાહિત્યકારને કોઇ ફરક પડતો નથી.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# આપણે તો એટલું જ કહીએ પ્રભુ! ઉત્તમ માર્ગનો - કામનો નિમિત્ત બનાવ, હું મારૂં કર્મ નિભાવી ખુશ થઇશ

## શ્રુતિ બંધનમ્

- ડો. બ્રિજ

ક્ષણોનો માણસ,
ક્ષણાર્ધનું જીવતર,
ક્ષણોનો ઉત્સવ
ક્ષણાર્ધની ખૂશીઓ...!
ક્ષણોનો શ્વાસ અને
ક્ષણાર્ધનો પ્રાણ...!

એ પરમકૃપાળુની કૃપાએ ક્ષણોની ગતિ પકડે છે આ પેન. કોરા કાગળ ઉપર ક્ષણોની મહેનત અક્ષરો થઇ ફૂટે છે. ક્ષણાર્ધ માટે કોઇની નજરો આ લેખકડાની લખાઇ માટે ખડી રહે છે. એ નજરો થકી કોઇ શબ્દ કે વિચાર ક્ષણવાર માટે કોઇનાં હૃદયને પંપાળે તો એ આનંદની અનુભૂતિ લખનારના હૃદય સુધી પહોંચે, એના શ્વાસમાં ઉત્સાહ ભરે અને આવું બધું થવાનાં માર્ગે કંઇ કેટલાય હોય છે. આ ક્ષણભંગૂર જિંદગીમાં કોઇનો ઉત્સાહ કે કોઇની કટુતા પણ અનોખા બદલાવ લાવી શકે. અને એ ક્ષણોનો સરતાજ (માનવ) જીવતરને અનોખી અદાએ જીવી શકે...!

આજે ગાંધીજી નથી. છતાં પણ તેની ક્ષણોની ખણખોદમાં વિશ્વ પડ્યું હોય તેમ લાગે છે. એના માથે ખરેખરો ક્ષણોનો તાજ છે એમ કહી શકાય. ક્ષણોને સજાવવા જીવનનું એ ખરૂં પણ તેથી આગળ ક્ષણોને માણતા જીવવાનું. ક્ષણોના હિસાબમાં નહીં ક્ષણોની આવતીકાલમાં મસ્ત રહેવાનું...! તો ખરેખરી જીવતરની ક્ષણો આનંદના અસંખ્ય કણો થઇ આપણને બાઝી પડશે...! અવિરત દુઃખો વચ્ચે પણ જીવનને ખુશી સાથે બાંધી રાખનારા જ ખરેખરો ભવસાગર તરી જાય છે. કૃષ્ણ જન્મથી જ પીડાઓમાં અવતર્યો. બાળપણ સઘળું યાતનાઓમાં વહ્યું. એ વ્યક્તિ જ વૃંદાવન રચી શકે અને વ્રજને પણ આનંદનો વૈભવ આપી શકે. સૃષ્ટિમાં કેટ-કેટલું વૈવિધ્ય છે. શું નથી અહીં? નાશાદ્નો એક શેર પેશ કરૂં...

રંજ ભી હૈ, ગમ ભી હૈ, હસરત ભી હૈ, અરમાં ભી હૈ!
ઇસ જરાસે ઘરમેં તૂને કિતને મહેમાં ભર દિયે?

આટલી બે પંક્તિઓમાં સંસારની બધી જ વાત આવી જાય છે. સંસાર તો રંગીલો છે. તેનાં રંગો તો હજી ઉકલ્યા નથી. એક એક રંગ નયા. એક એક બાત ઔર એક એક ઇન્સાન ભી યહાં ક્ષણ લેકર નયા નયા હૈ...!

દુનિયામાં દરેક માણસ કુદરતની મરજી મુજબના શ્વાસ લઇને અવતરે છે. તેણે નક્કી કરેલી ક્ષણો એ જ આપણું જીવન. એમાં કોઇ મહેંકી ઊઠે એવું બને છે. એ જીવતર બહેતરીન બની જાય એવું બને છે. અને તેની ક્ષણો અણમોલ થઇ જાય છે. સ્વામી વિવેકાનંદજીની ક્ષણો માત્ર ૩૮-૩૯ વર્ષની જ...! છતાં એ મહામાનવ યાદોની ક્ષણો રચીને અહીંથી ગાયબ થઇ જાય છે. તેની પ્રતિભા વિશે શંકા-કુશંકાઓ બધું જ થાય, ગાંધીને નફરત કરવાવાળા મિત્રોને વિનંતી કે આપણી ચલણી નોટ પરથી તેમનો ફોટો હટાવી જુએ...! શક્ય જ નથી. અને શક્ય બને તો પણ આવા મહાત્માઓ યુગો લગી મનુષ્યના હૃદયમાં જગા લઇને જ રહેવાનાં...! સ્વામી ચિન્મયાનંદનું નાનકડું વિધાન છે. પુષ્પોની ચોકી થાય, સુગંધની નહીં. બસ, આમ જ અહીં એટલે કે સૃષ્ટિમાં યુગોથી બન્યા કરે છે. ક્રિસ્ટોફર કોલંબસ અમેરિકા શોધે કે ઇટાલીનાં અમરિગો વેસ્પુચ્ચી આખરે ક્ષણોનો આદમી તેની ક્ષણઓને જીવતી કરીને રંગમંચ ઉપરથી ગાયબ થઇ જાય છે... તેનાં જીવતરની ક્ષણોને સૃષ્ટિની હવામાં પ્રસરાવીને...!

ગીતાકાર તો દરેક જીવને પોતાનો અંશ કહે છે. મમૈવંશો જીવલોકે જીવભૂત સનાતન કહી એ તો જીવમાત્રનું ગૌરવ કહે છે. તેમાં દરેક જીવ માટેનું જીવતર નોખુ - અનોખું કેમ? દરેકની ક્ષણોમાં વૈવિધ્ય કેમ? કારણ કેટલાક જીવોએ ભગવાનનું વધારે કામ કરવાનું હોય છે. તેની જવાબદારી વધારે હોય છે. ક્ષણોમાં અનોખા સાક્ષાત્કાર કરાવનારાઓનું આ કુદરતી દાયિત્વ છે.એ નિભાવવાનું છે. સૃષ્ટિમાં દરેક વ્યક્તિ નિમિત્ત લઇને અવતરે છે. કોણ કેવાં નિમિત્ત બને એની કોને ખબર?! આપણે તો એટલું જ કહીએ પ્રભુ! ઉત્તમ માર્ગનો - કામનો નિમિત્ત બનાવ. હું મારૂં કર્મ નિભાવી ખુશ થઇશ. તેથી મળતી યશ - કીર્તિ - પ્રશંસા બધું જ તારા ચરણોમાં સમર્પણ કરૂં અને ફક્ત તેના વડે મળતી ખુશીથી જ તૃપ્તિ બનું.

ક્ષણોમાં વહી જતા જીવન માટેની સભાનતા કોને નથી? સૃષ્ટિનો હરેક ઇન્સાન આ હકીકતથી વાકેફ હોવા છતાં ક્ષણોનો આનંદ સર્જનાર પોતે છે. બધુ મારા વડે ચાલે છે નો 'હું' કાર ત્યજતો નથી. તેને શું ગણવું? કુદરતની જ એક લીલા કે બીજું કંઇ? હે પ્રભુ! અહંકારનો નિમિત્ત બનતાં મને જરૂર અટકાવશે. અને કદાચ માનવ સહજ ચેષ્ટા કરી બેસું તો માફી માંગી લેવાની બહાદુરી શીખવજે. કારણ કે ક્ષણોની આનંદગીરીમાં જીવવું છે. હે પ્રભુ! મને એ માર્ગે ચલાવીશ ને??

આપણી પૃથ્વીની આયુ યુગો-યુગોની છે. ક્ષણોનો મહા સરવાળો તેની સાથે છે. ક્ષણોનો વિશાળા સાગર જાણે...! એ સૃષ્ટિમાં સમય ફરતો રહે છે. ઇશ્વર એટલે જ કહે :'મેં કાલ હૂં; સમય હૂં...! સબકો અપની બાન મેં રખને વાલા સમય...! પરિવર્તન - બદલાવ અને જૂનું નવું, નવું જનું બનાવનારો સમય. ઘડીકમાં હમણાનું બનાવી દેનારો સમય. ક્ષણોની દુનિયા જ ગતિશીલ છે. ક્ષણ અટકતી નથી. ક્ષણને નથી થાક. ક્ષણને નથી પ્રાણ, નથી દેહ. ક્ષણને નથી અવાજ. ક્ષણ વહે છે... ઊગે... આથમે છે અને ફરીથી ઊગડે છે. આ ક્ષણને ઓળખી લીધી એટલે બસ. તેની સાથે આનંદમાં રહેતાં ફાવી ગયું પછી બસ - બસ. ક્ષણોમાં જીવવું અને જીવતરમાં ક્ષણોની મૂલ્યતા સ્થપાઇ પછી બસ-બસ. આનંદની ક્ષણો આપણી ફરતે ઘૂમ્યા જ કરશે. ઇશ્વર કદાચ આવા આનંદપુરૂષ - આનંદી સજીવની જીવનચર્યા જોવા જ મથતો નહીં હોય?! કોને ખબર...! કુદરતે રચેલી ક્ષણ ભંગૂરતામાં અણનમ રહેનારો જરૂર શાબાશી પામે જ. હે પ્રભુ! મારા ચિત્તમાં આનંદ કણો ભરી દઇશ ને?!

સૃષ્ટિના હરેક ઉત્સવમાં હું આનંદનો સાથીદાર બની રહું. એ અનોખી ક્ષણો મારા જીવનની મિરાત બનતી રહે અને આ મિરાતથી લાખોનાં જીવતરમાં પણ ક્ષણોનો આનંદજાદ પથરાઇ જાય. પ્લીઝ પ્રભુ એવું કરીશ ને? વિશ્વાસ અને શ્રધ્ધા છે જ...! ક્ષણોના નિર્માતા આપ જ મારી ક્ષણોને બહેતરીન બનાવો...! પ્લીઝ... પ્લીઝ...!

સ્વીટ રેઇન :

'દિવસે સૂર્યે જે કામ કર્યું, તે એક નાનકડું,
કોડિયું રાતે પોતાની પૂરી શક્તિથી કરે છે.'

**- રવીન્દ્રનાથ ટાગોર**

# રાકેશે કંઇ જવાબ ન આપ્યો, દિવાળીમાએ એક મજાનો બુરખો ખરીદી પહેરી લીધો

## પાલવનો છેડો - સં-વેદના

- જય ગજ્જર

રાકેશે ભારે હૈયે દિવાળીમાને વૃધ્ધાશ્રમમાં મુકી ઘેર આવ્યો.

રોજ મા વિશે કકળાટ કરતી પત્ની પાયલને સવાલ કર્યો, "બસ હવે શાંતિ થઇ ને?"

"હાશ હવે મને ઘરમાં રોકનાર કે ટોકનાર કોઇ નહિ હોય. હું મનફાવે ત્યાં જઇ શકીશ" હરખઘેલી બની પાયલ બોલી.

પણ મા વિનાના ઘરમાં પતિ રાકેશ ઉદ્વિગ્ન બન્યો હતો એની એણે પરવા ન કરી. રોજ માને યાદ કરી છાને છૂપે આંસુ સારતો. પાયલ એની કલબની પ્રવૃત્તિમાં ખોવાયેલી રહેતી. એ મા બનવાની થઇ એટલે એમાં ઓટ આવવા લાગી અને સાસુમાંની ખોટ સાલતા લાગતી. પણ હુંપદ પાયલ પતિ સામે હૈયું ખોલતાં રોકાતી.

સાસુમાં માટે વાપરેલ અપમાનજનક છેલ્લા શબ્દો, "મારૂં ચાલે તો કદી તમારૂં મોઢું ન જોઉં. મેં તો તમને કાયમ માટે નાહી નાખ્યાં છે." ઉશ્કેરાટમાં માને કહેલા એ છેલ્લા શબ્દો યાદ આવતાં હૈયું પીગળવા તૈયાર નહોતું. એ દિવસો ગણ્યે રાખતી. નવમે મહિને કેલૈયા કુંવર જેવો કાનુડો આવ્યો - ફેર એટલો હતો કે એ શ્યામ નહિ, બહુ ગોરો હતો. પાયલે સોસાયટીમાં અને એની કલબમાં પેંડા વહેચ્યા. માને યાદ ન કરી એટલે રાકેશ ઓફિસે જતી વખતે માને વધામણાં આપવા ગયો.

"આવી ગયો બેટા! બોલ શા સમાચાર છે? વહુ કુશળ છે ને?"

"બહુ સારા સમાચાર છે! દશ વર્ષે રન્નાદેએ સામે જોયું ખરૂં. પાયલ અને બાબો કુશળ તો છે ને?"

"ના, મા. સિઝેરીયાનું ઓપરેશન કરવું પડ્યું... એક મહિનો હોસ્પિટલમાં રાખવી પડશે!"

- એ સાંભળતાં જ દિવાળીમાંનું હૈયું કાબૂમાં ના રહ્યું. એ બોલી ઊઠ્યાં, "એને બે ટંક પૌષ્ટિક ભોજનની જરૂર પડશે. ચાલ હું તારી સાથે આવું છું."

માના પ્રેમથી રાકેશે ધન્યતા અનુભવી. સૂટકેસ ભરી રાકેશ સાથે ચાલી નીકળી. રસ્તામાં પાયલનાં છેલ્લા શબ્દો યાદ આવ્યા. એ એકદમ બોલી, "ઊભો રહે ભાઇ, મારે પેલી દુકાનેથી એક બૂરખો ખરીદવો છે. પાયલની દેખરેખ માટે તારી સાથે આવું છું પણ તારે ઘેર અને દવાખાને હું બુરખો પહેરીને ફરીશ. ઘરકામ અને રસોઇ કરવા એક મુસ્લિમ બાઇને રાખી છે. કોઇને મારી વાત ન કરતો, પાયલને તો નહિ જ. એ હકીકત જાણી જશે તો આપણા બંનેની જિંદગી ધૂળધાણી કરી દેશે.

રાકેશે કંઇ જવાબ ન આપ્યો. દિવાળીમાએ એક મજાનો બુરખો ખરીદી પહેરી લીધો.

ઘેર આવી મેથીપાક બનાવી રાકેશ સાથે દવાખાને ગયાં. પાયલે પૂછ્યુ, "આ કોણ લાવ્યું છે?"

"કોઇ હિંદુ બાઇ ન મળી એટલે આ મુસ્લિમ બાઇને કામ માટે એક મહિનો રાખી છે."

"આ મેથીપાક એણે બનાવ્યો?"

"હા, કેમ બૂન બરાબર નથી બન્યો?" અવાજ છુપાવી ગામડાની કોઇ સ્ત્રી જેમ દિવાળીબા બોલ્યાં અને વારસદારને ઊંચકી આશીર્વાદ આપ્યાં, "બેટા, મોટો થઇ માબાપની લાકડી બની રહેશે. એમની આંતરડીના કકળાવતો. જુગ જુગ જીવો!"

બેબીને પાછી આપતાં દિવાળીમાંના જમણા હાથની વીટી પર નજર પડતાં એ મુસ્લિમ બાઇ પર શંકા ગઇ પણ પણ એના હોઠ સિવાઇ ગયા હતા એટલે કંઇ બોલી શકી નહીં.

બેબીએ એના પાલવને છેડો પકડી રાખ્યો હતો એ જોતાં રાકેશની મમ્મી કયારેક કહેતી કે રાકેશે જન્મનાં પાંચમા દિવસે મારા પાલવનો છેડો પકડી લીધો હતો.' એ યાદ આવતાં એની શંકા દૃઢ બની. બેબીને છાતી સરસો ચાંપી પશ્ચાતાપમાં આંસુ સારવા લાગી.

## સંદેશ વિવેકાનંદનો

જાગો, ઊઠો, દેશવાસી, સમય નથી આ સુવાનો...
લઈને સંદેશ સ્વામીજીનો, સાર્થક કરી બતાવવાનો... (૧)
દેશવાસીઓ સૌ એક અમે, સેવા સૌની કરીએ અમે...
ડરો નહીં ભારત ભડવીરો, સંકલ્પ કરો નવ નિર્માણનો... (૨)
- લઈ સંદેશ સ્વામીજીનો...
ત્યાગ, સેવા ધર્મ બજાવી, ભવિષ્ય ઊજળું કરીએ ભારતનું...
ધર્મ છે અમારો ભારતનો પ્રાણ, ધર્મ રક્ષા કાજે થાશું કુરબાન... (૩)
- લઈ સંદેશ સ્વામીજીનો...
સ્વરાજ લીધું બલિદાનોથી, પર્ણ અમારૂં રક્ષા કરવાનું...
સૌ એક અમે ભારતવાસી, નાદ વિશ્વે બુલંદ કરવાો... (૪)
- લઈ સંદેશ સ્વામીજીનો...
ભ્રષ્ટાચાર, દૂરાચાર, હિંસા, જડમૂળથી દૂર કરવાનો...
અત્યાચાર ને અંધશ્રધ્ધા સામે, માનવતાની રક્ષા કરવાનો... (૫)
- લઈ સંદેશ સ્વામીજીનો...
શક્તિ છે જીવન આધાર, યુવાશક્તિ જગાવો લગાતાર...
સ્વામીજીએ રાહ ચીંધ્યો, આધ્યાત્મની જયોત જગાવવાનો... (૬)
- લઈ સંદેશ સ્વામીજીનો...
ન કોઈ ઊંચા-નીચા, ના કોઈ ભેદ અમીર-ગરીબના...
સદ્ભાવ, શ્રધ્ધા-વિશ્વાસ, હો છલોછલ સૌની પાસ... (૭)
- લઈ સંદેશ સ્વામીજીનો...
જાગો માનવ, ભાગો દાનવ, સાદ સૌ નરવીર સૂરવીરોનો...
સ્વામીજીએ નાદ જગાવ્યો, ભારત ગૌરવ અભિમાનનો... (૮)
- લઈ સંદેશ સ્વામીજીનો...

**- રચના : રમણલાલ એમ. શ્રીમાળી**